



## ભિલોડામાં મેઘરાજાની પધરામણી, મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં મેઘરાજાએ લાંબો વિરામ લીધા બાદ આજે ધીમી ધારે મેઘરાજાની પધરામણી થઈ હતી.ખેડુતો મેઘરાજાની આતુરતા પુર્વક રાહ જોઈ બેઠા હતા.અણીના સમયે મેઘરાજાની પધરામણી થઈ હતી.સીમ વિસ્તારોમાં ખેતરોમાં મુરઝાતા ખેતીના વિવિધ પાકો કપાસ,મગફળી,મકાઈ,તુવેર,અળદ,સોયાબીનને જીવતદાન મળતાં ખેડુતો ખુશખુશાલ બની ગયા હતા.વાતાવરણમાં આહ્લાદક ઠંડક પ્રસરતાં પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો.ભાદરવા મહિનાની અસહ્ય કાળઝાળ ગરમીથી અબાલ-વૃધ્ધ,નાના મોટા સૌ-કોઈ ત્રાહિમામ હતા.મેઘરાજાએ ખુબ જ લાંબો વિરામ લીધા બાદ વાતાવરણમાં બપોર બાદ એકાએક પલટો આવતાં વરસાદી માહોલ સર્જાતાં મેઘરાજાની ધમાકેદાર પધરામણી થઈ હતી.ખાડા-ખાબોચીયાઓમાં ઠેર-ઠેર વરસાદી પાણી ભરાયા હતા.વરસાદી માહોલ સર્જાયા બાદ વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનો હેરાન પરેશાન થઈ ગયા હતા.

## પ્રાંતિજના પોગલુ ખાતે ફ્રી મેડીકલ ચેક-અપ કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ શ્રી વારાહી શકિતપીઠ ખાતે ફ્રી મેડીકલ ચેક-અપ કેમ્પ યોજાયો. પ્રાંતિજના પોગલુ ખાતે આવેલ શ્રી વારાહી શકિત પીઠ મંદિરમાં મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજ તથા જાયન્ટસ્ ગૃપ પોગલુના સહિયોગથી રાજસ્થાન હોસ્પિટલના નિષ્ણાત ડાંકટરો દ્વારા હાડકાં તથા જોઈન્ટ રિપ્લેસમેન્ટના રોગો, હૃદયને લગતી બિમારી, પેટ અને આંતરડાના રોગોનું નિદાન તથા યોગ્ય માર્ગદર્શન ઉપસ્થિત તબીબીઓ દ્વારા દર્દીઓને આપવામાં આવ્યું હતું. તો પોગલુ સહિતના આજુબાજુના ગામોમાંથી ૨૪૦ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

## અરવલ્લી જિલ્લામાં ભારે પવન સાથે વરસાદ

મોડાસામાં એક કલાકમાં દોઢ ઈંચ વરસાદ, બાયડ તાલુકામાં એક ઈંચ વરસાદ, મેઘરજ,માલપુર અને ભિલોડામાં અડધો ઈંચ વરસાદ થયો હતો. જિલ્લામાં મેઘરાજાની તોફાની સવારી ભિલોડામાં વારંવાર વીજ પુરવઠો ખોરવાયો હતો. વીજ પુરવઠો ખોરવાતા લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. વાતાવરણમાં આહલાદ્દક ઠંડક પ્રસરી હતી. ભિલોડામાં આજે બપોર બાદ ૪ થી ૬ દરમ્યાન ૧૮ મીમી વરસાદ વરસ્યો હતો. ભિલોડા તાલુકામાં મેઘરાજાની લાંબા વિરામ બાદ પધરામણી થઈ હતી. ખેડુતો મેઘરાજાની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા ત્યારે અણીના સમયે જ વરસાદ વરસતા ખેડુતો ખુશ ખુશાલ થઈ ગયા હતા અને કહેતા હતા કે મુરઝાતા ખેતીના વિવિધ પ્રકારના પાકોને જીવતદાન મળશે.

## અંબાજીના ત્રિશુળીયા ઘાટની ખીણમાંથી બેભાન અવસ્થામાં યુવક મળી આવતા ચકચાર

યાત્રાધામ અંબાજીના ત્રિશુળીયા ઘાટની ખીણમાંથી બેભાન અવસ્થામાં યુવક મળી આવતા ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ તંત્ર દ્વારા આ યુવકને ખીણમાંથી બહાર કાઢી ૧૦૮ દ્વારા સારવાર અર્થે અંબાજી ખસેડાયો છે.

યાત્રાધામ અંબાજીમાં ભક્તોનું ઘોડાપુર ઉમટી રહ્યું છે ત્યારે ભકતો ખુબજ ઉત્સાહ સાથે આગળ વધી રહ્યા છે, ત્યારે આજે અંબાજી નજીક આવેલા ત્રિશુળીયા ઘાટની ખીણમાં બેભાન અવસ્થામાં દેખાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.



## અંબાજી પંથકમાં વરસાદના આગમનથી હાશકારો

અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાની શરૂઆત થયા બાદ પ્રથમ દિવસથી ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયો હતો.જોકે ધોમધખતા તાપમાં પણ માઈભક્તો કઠિન પદયાત્રા કરી અંબાજી પહોંચી રહ્યા છે. ત્યારે આજે મેળાના ચોથા દિવસે જગત જનની માં અંબાએ પોતાના ભક્તો પર વરસાદ સ્વરૂપે કૃપાદષ્ટિ વરસાવી હતી.. આજે મેળાના ચોથા દિવસે બપોર બાદ અંબાજીમાં અચાનક મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી.. મેઘરાજાની આ શાહી સવારીના આગમનથી અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલા અંબાજી ધામનું વાતાવરણ પ્રફુલ્લિત થઈ ગયું હતું અને માના દર્શન કરવા આવેલા ભક્તોએ પણ અસહ્ય ગરમી અને બફારામાથી રાહત અનુભવી હતી. લગભગ ૩૦ મિનિટ સુધી ધમાકેદાર વરસાદ પડ્યા બાદ વરસાદની ગતિ મંદ પડી ગઈ હતી અને ધીમીધારે વરસાદ ચાલુ રહ્યો હતો.મેળાના ચોથા દિવસે વરસાદના આગમનથી ભાવિકો પણ રોમાંચિત થઈ ગયા હતા.અસહ્ય ગરમી તેમજ પદયાત્રાના થાક વચ્ચે વરસાદના આગમનથી યાત્રિકો પણ તરોતાજા થઈ ગયા હતા.

## ઊંઝા ખાતે ૨૬મીએ મેગા જોબફેર યોજાશે

ઊંઝા, તા. ૨૨

શ્રી ઊંઝા કેળવણી મંડળ અને જિલ્લા રોજગાર કચેરી મહેસાણાના સંયુક્ત ઉપક્રમે આગામી તા. ૨૬-૯-૨૦૧૮ને બુધવારના રોજ શ્રી કે.આઈ. પટેલ શૈક્ષણિક સંકુલ ગંજબજાર સામે ઊંઝા ખાતે મેગા જોબફેર ઊંઝા-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે.

ઊંઝા કેળવણી મંડળના પ્રમુખ કાન્તિભાઈ એમ. પટેલ (કામુ)એ જણાવ્યું હતું કે આ મેગા જોબફેરમાં અત્યાર સુધીમાં ૨૧૭૮ શિક્ષિત બેરોજગાર યુવાનોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ છે. આ સંખ્યા વધીને ૨૫૦૦ જેટલી થવાની શક્યતા છે. મેઘા જોબફેર માટે ૪૨ જુદી જુદી કંપનીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. આમાં ધોરણ-૧૨ થી ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, વિવિધ ફેકલ્ટીઓમાં ડીગ્રી ધરાવનાર શિક્ષિત બેરોજગાર યુવાનો, યુવતીઓ નોકરી માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન તેમજ સ્થળ પર રજીસ્ટ્રેશન કરાવી શકે છે. વધુમાં ટી.સી.એસ. કંપની દ્વારા બેરોજગારોને તાલીમ આપી તેઓના ઈન્ટરવ્યુ થકી નોકરી મળી રહે તે માટે પણ આયોજન કરાયેલ છે.

ઊંઝા આર્ટસ કોમર્સ કોલેજમાં પ્રિન્સિપાલ ડૉ. રાકેશ રાવ, લૉ કોલેજમાં પ્રિન્સિપાલ અરવિંદભાઈ, બી.બી.એ. કોલેજના પ્રિન્સિપાલ સોની તેમજ ઊંઝા કેળવણી મંડળના હોદેદારો સર્વ સોમાભાઈ પટેલ, પ્રહલાદભાઈ પટેલ, બદ્રિશભાઈ બ્રહ્મભટ્ટ, લાલચંદભાઈ પટેલ વગેરેએ મેઘા જોબફેરને સફળ બનાવવા સુંદર પ્રયાસો કર્યા છે.



## ધનસુરામાં ગાજવીજ અને પવન સાથે વરસાદ

ધનસુરામાં લાંબા વિરામ બાદ વરસાદ વરસ્યો હતો. લાંબા સમય બાદ વરસાદ ખાબકતા લોકોને ગરમીથી રાહત થઈ હતી. ધનસુરા ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વરસાદ ખાબકતા રોડ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. થોડા સમયથી રાહ જોવડાવ્યા બાદ વરસાદ આવતા ખેડૂતોને રાહત થઈ હતી.





## જય જલિયાણ સેવા કેમ્પમાં કિંજલ દવેએ મચાવી રાસ ગરબાની રમઝટ : સુંદર મામાએ પણ પીરસ્યું મનોરંજન

અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઈભકતો માં અંબાની આરાધના માટે ઉમટી રહ્યા છે ત્યારે દાંતા નજીકના રતનપુર ખાતે જય જલીયાણ ફાઉન્ડેશન દ્વારા સતત ૧૨ માં વર્ષે કાર્યરત કરાયેલ જય જલીયાણ સેવાકેમ્પમાં પણ માઈભકતોની ભારે ભીડ જાવા મળી રહી છે.આ કેમ્પમાં ૨૪ કલાક હજારો માઈ ભકતોને ભોજન પ્રસાદની સેવા પૂરી પડાઈ રહી છે.મોડી રાત સુધી આ સેવાકેમ્પમાં ભોજન પ્રસાદ માટે પદયાત્રીકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. ૪૦ હજાર ફૂટના વિશાળ શમિયાણામાં ભોજન ઉપરાંત રાત્રી રોકાણ અને તબીબી સારવાર પુરી પાડતા આ કેમ્પમાં રોજ રાત્રે ટહુકાર બિટસના તાલે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી યાત્રિકોને મનોરંજન પણ પૂરું પડાય છે.ત્યારે ગુજરાત સ્ટેટ વેર હાઉસિંગ કોર્પોરેશન,ગાંધીનગરના ચેરમેન મગનલાલ માળી સાથે અન્ય સામાજીક અગ્રણીઓએ પણ આ સેવાકેમ્પની મુલાકાત લઈ જય જલિયાણ કેમ્પના સેવાકાર્યને બિરદાવ્યુ હતું. દરમ્યાન, ગત ગુરુવારે રાત્રે જાણીતી ગાયિકા કાજલ મહેરિયાએ આ કેમ્પમાં પદયાત્રિકોને નિર્દોષ મનોરંજન પૂરું પાડયા બાદ ગઈ રાત્રે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' સીરિયલના સુંદરમામા એટલે કે મયુર વાંકાણી પણ આ કેમ્પના મહેમાન બન્યા હતા. કલાકાર મયુર વાંકાણી ઉર્ફે સુંદરમામાએ ગઈરાત્રે જય જલીયાણ કેમ્પમાં પદયાત્રિકોને મનોરંજન પુરૂ પાડયા બાદ યાત્રિકોને ભોજન પીરસી અંબાજી માતાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.જ્યારે ગુજરાતની કોકિલકંઠી ગાયિકા કિંજલ દવેએ પણ ગઈ રાત્રે આ કેમ્પમાં ટહુકાર બિટસના તાલે રાસ ગરબાની રમઝટ મચાવતા માઈભકતો ઝુમી ઉઠયા હતા.કિંજલ દવેને રૂબરૂ સાંભળી ડોલી ઉઠેલા ભાવિકોએ માઈ ભક્તિનો અદભુત માહોલ સર્જી દીધો હતો.

# અરવલ્લી બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા આર.બી. બ્રહ્મભટ્ટનું સન્માન

મોડાસા, તા. ૨૨

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે તા. ૨૧મીએ રવિવારના રોજ અરવલ્લી બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા




રાષ્ટ્રપતિ એવોર્ડ ત્રીજી વખત મેળવનાર બ્રહ્મભટ્ટ સમાજના ગૌરવસમા આર.બી. બ્રહ્મભટ્ટનો સન્માન સમારંભ અને બ્રહ્મભટ્ટ સમાજની એકતા યાત્રાને સન્માનવાનો કાર્યક્રમ મોડાસા ખાતે કોલેજ હોલમાં રાખવામાં આવ્યો હતો. આ યાત્રા સમગ્ર ગુજરાતમાં ભ્રમણ કરવાની છે. ત્યારે મોડાસા ખાતે આવી પહોંચી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મોડાસા ગણપતિ મંદિરથી કોલેજ રોડ સુધી મોટી ભવ્ય યાત્રા નીકળી હતી. જેમાં બ્રહ્મભટ્ટ સમાજના આગેવાનો બહેનો, દિકરીઓ, વડીલો વગેરે જોડાયા હતા. અરવલ્લી બ્રહ્મભટ્ટ સમાજના ૨૧ જેટલા ગામોમાંથી વાહનો ભરી ભરી સમાજના લોકો ઉમટી પડ્યા હતા.

ત્યારબાદ સન્માન સમારંભ અધ્યક્ષ સાવલી ધારાસભ્ય કેતનભાઈ ઈનામદાર તથા ઉદ્દ્ઘાટન તરીકે જિલ્લા કલેક્ટર એમ. નાગરાજન તેમજ જિલ્લા પોલીસ વડા મયુર પાટીલ, તેમજ બ્રહ્મભટ્ટ સમાજના યુવા અગ્રણી એકતા યાત્રાના રાષ્ટ્રિય અધ્યક્ષ મિહીરભાઈ બ્રહ્મભટ્ટ તેમની સાથે નિતલભાઈ બ્રહ્મભટ્ટ, મહિલા આગેવાન અંજનાબેન બારોટ તેમજ સન્માનિત અને સમાજના પાયલોટ જગદિશ બ્રહ્મભટ્ટ, બાયડ નગરપાલિકાના કોર્પોરેટર નર્મદાબેન બ્રહ્મભટ્ટ સાઠંબા પી.એસ.આ. બારોટ તેમજ બાયડ તાલુકા પંચાયતના સદસ્ય મિતલબેન બારોટ અને અરવિંદભાઈ બારોટનું સન્માન કરવામાં આવેલ.આ પ્રસંગે રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવનાર આર.બી. બ્રહ્મભટ્ટનું સન્માન અરવલ્લી બ્રહ્મભટ્ટ સમાજના યુવા પ્રમુખ અતુલ બ્રહ્મભટ્ટે કર્યુ હતુ. સ્વાગત પ્રવચનમાં અતુલ બ્રહ્મભટ્ટે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ.



## પ્રાંતિજ પોલીસે ભુલા પડેલ કિશોરનુ પરિવાર સાથે મિલન કરાવ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ખેડબ્રહ્મા આશ્રમ શાળાનો કિશોર અંબાજી દર્શન કરી પ્રાંતિજ આવી પહોચતા પ્રાંતિજ પોલીસે પરિવાર સાથે મિલાપ કરાવ્યો હતો. ખેડબ્રહ્મા ખાતે આવેલ આશ્રમશાળામાં રહેતો ૧૫ વર્ષનો કિશોર આશ્રમ શાળામાંથી કોઈને પણ કશું કહ્યાં વગર મા જગતજનની મા અંબેના દર્શન કરવાં માટે આશ્રમ શાળામાંથી અંબાજી પહોચી ગયો હતો અને દર્શન કરી બસમા પરત ફરતો હતો ત્યારે તે દીસા સુચકની સાથે ભુલી જતાં તે પરત ખેડબ્રહ્મા ઉતરવાની જગ્યાએ પ્રાંતિજના ત્રણ રસ્તા ઉપર ઉતરી જતાં તે આમતેમ ભટકવા લાગ્યો હતો. રોવા લાગતાં ત્યાંથી અવરજવર કરતાં કોઈકે પોલીસને જાણ કરી હતી. પોલીસ ત્રણ રસ્તા આવીને કિશોર રાહુલ મનોજભાઈ સોલંકીને પોલીસ સ્ટેશન ઉપર લાવી તેને ચા-નાસ્તો કરાવી તેનું નામ સહિતની પુછપરછ હાથ ધરી હતી. ભુલો પડેલ કિશોર તેનું નામ રાહુલ મનોજભાઈ સોલંકી (ગમાર) રહે.મેજીપુરા, તા.ખેડબ્રહ્મા જિ.સાબરકાંઠાનો હોવાનું મળતા પોલીસે તપાસ કરતા તેના પરિવારનો સંપર્ક કરી તેના પિતા મનોજભાઈ વસ્તાભાઈ સોલંકી સાથે પ્રાંતિજ પોલીસે મિલન કરાવ્યું હતું.